૩

ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક
વિકાસ નિગમને શેરમુડી ફાળા પેટે રૂ.૦૧.૦૦
લાખની ગ્રાન્ટ ફાળવવા બાબત.
સને ૨૦૧૭-૧૮.

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવક્રમાંકઃ સશપ-૧૦૨૦૧૭-૧૪૮૮-અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- /૦૨/૨૦૧૮
16 FEB 2018

વંચાણે લીધાઃ-

(૧) નાણા વિભાગની તા.03/૨/૨૦૧૮ની યાદી ક્રમાંક:CNF/1117/29/K

ઠ રા વઃ-

ગુજરાત રાજ્યમાં બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક સર્વાંગી વિકાસ માટે તા.30/૯/૨૦૧૭ના ઠરાવથી "ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ" ની રચના કરવામાં આવેલ છે. ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ ચાલું નાણાકીય વર્ષમાં નવું રચાયેલું હોવાથી તેમજ ચાલુ નાણાકીય વર્ષમાં કોઇ જોગવાઇ ન કરેલ હોવાથી નિગમ માટે રાજ્ય આકસ્મિક નિધિમાંથી પેશગી માટે દરખાસ્ત કરતાં નાણા વિભાગ દ્વારા વંચાણ હેઠળની ક્રમાંક: (૧) પરની તા.03/૨/૨૦૧૮ની યાદીથી શેરમુડી ફાળા પેટે રૂ.૦૧.૦૦ લાખની ગ્રાન્ટ રાજ્ય આકસ્મિક નિધિમાંથી પેશગી મંજૂર કરવાના હુકમો કરવામાં આવેલ છે. નિયામકશ્રી(વિ.જા.ક.)ના વંચાણ (૨) હેઠળના તા.૨૬-૫-૨૦૧૭ પત્રથી આ ગ્રાન્ટ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમના હવાલે મૂકવા કરેલ દરખાસ્ત સરકારની વિચારણા હેઠળ હતી.

આ નિગમ તાત્કાલિક કાર્યરત થાય તથા આ નિગમ દ્વારા બિન અનામત વર્ગોના શૈક્ષણિક અને આર્થિક વિકાસની પ્રવૃત્તિનો અમલ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૧૭-૧૮ થી જ શરૂ કરી શકાય તે માટે વર્ષ ૨૦૧૭-૧૮માં ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ શેરમુડી ફાળા પેટે રૂ.૦૧.૦૦ લાખ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતા મારફત નિગમના હવાલે મુકવાની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

શ ર તો:

૧. આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને હવાલે મુકવાની રહેશે.

૨. આકસ્મિક નિધિથી મેળવેલ રકમનો સુધારેલ અંદાજમાં સમાવેશ કરવાનો રહેશે. તેમજ વિભાગની કુલ અંદાજપત્રીય જોગવાઇની મર્યાદામાં સમાવેશ કરવાનો રહેશે.

૩. આ સમગ્ર રકમનો ખર્ચ આકસ્મિક નિધિના મુખ્ય સદર: "૮૦૦૦" હેઠળ જ ઉધારાય તેવી ચોકસાઇ રાખવાની રહેશે તથા નાણા વિભાગના તા.૨૪/૧/૧૯૮૦ના પરિપત્રક્રમાંક:હસવ-૧૦૮૦-૨૧૬-કની સૂચનાઓ અનુસાર મંજૂર કરવામાં આવેલ પેશગીમાંથી ખર્ચ મેળવવાનો હોય તેવા કિસ્સાઓમાં ઉપાડના દરેક બિલ/વાઉચરો ઉપર સ્પષ્ટ રીતે લાલ શાહીથી "આકસ્મિક ખર્ચ નિધિ" મુજબના શબ્દો સબંધિત ઉપાડ અધિકારીએ લખવાના રહેશે.

૪. નાણા વિભાગના તા.૨૩/૫/૧૯૮૫ના પરિપત્ર મુજબ જાહેર હિસાબ સમિતિની ભલામણ અનુસાર આકસ્મિક નિધિમાંથી પેશગી મંજૂર થયાના બે(૨) માસમાં તેનો ખર્ચ કરવાનો રહે છે. તેથી તે પરત્વે કોઇ ખર્ચ ન થાય અથવા ઓછો ખર્ચ થાય તો આ પેશગીની મંજૂરી રદ કરવા અથવા તેની રકમમાં ઘટાડો કરવાની દરખાસ્ત સત્વરે કરવાની રહેશે.

૫. આ અંગેનો ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નકકી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૬. જે હેતુ માટે જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

૭. આ સમગ્ર રકમ આકસ્મિક નિધિના મુખ્ય સદર: ૮૦૦૦ ખાતેથી ઉપાડવાની રહેશે તથા રાજ્ય સરકાર દ્વારા પૂરક માંગણીઓ મંજૂર થયા બાદ તે માંગણી ક્રમાંકઃ ૯૨, મુખ્ય સદર- ૬૨૨૫ અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોના કલ્યાણને ધિરાણ, પેટા મુખ્ય

સદર-૮૦ સામાન્ય, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્રને નાણાકીય સહાય, પેટા સદર-૦૧ ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમને ધિરાણ સદરે સરભર કરવાનું રહેશે.

આ ઠરાવ ખર્ચ અગ્રતા સમિતિની તા.૨૩/૧/૨૦૧૮ તથા નાણા વિભાગની તા.૨૯/૧/૨૦૧૮ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે.જી.વણઝારા)
અધિક સચિવ,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

નકલ રવાના:-

- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત બિન અનામત શૈક્ષણિક અને આર્થિક વિકાસ નિગમ લિ., ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- રેસિડેન્ટ ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- ઉપ સચિવશ્રી(બજેટ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- ઉપ સચિવશ્રી(બજેટ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સિસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતીસહ.
- સિલેકટ ફાઇલ.